શ્રી

સરદારબા નાટક.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજા

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચી પ્રસિદ્ધ કરનાર. ૬૫૮૧

ઝવેરી ડાહ્યાભાઈ ધોળશાજી.

મા૰ ૭ સંસ્કૃત શિક્ષક મિશન હાઈસ્કુલ-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.

મુંબઈ.

પારસી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે.

સંવત્ ૧૯૫૩—સને ૧૮૯૭.

કીંમત રૂ. ૦—૨—૦ (બે આના.)

શ્રી નવીન

સરદારબા નાટકનાં ગાયનો

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત.

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચી પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી ડાહ્યાભાઈ ધોળશાજી.

માજી સંસ્કૃત શિક્ષક મિશન હાઈસ્કુલ–અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.

મુંબઈ.

પારસી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે.

સંવત્ ૧૯૫૩—સને ૧૮૯૭.

કીંમત રૂ. ૦—૨—૦ (બે આના.)

૬૫૮૯

શ્રી પરમાત્મનેનમઃ

શ્રી 'સરદારબા' નાટકનો ટુક સાર.

અંક ૧ લો.

મંગલાચરણ.

પ્ર. ૧ લો.—રાણીપુરના રાજા ખેમરાજની કુંવરી સરદારબા પોતાના બે નાના ભાઇઓ સાથે માતાજીના દર્શન માટે જંગલમાં નાળા ઉપર આવેછે. પછીથી પ્રધાન આવી સમાચાર કહેછે કે આપણા મેમાન ચંદ્રાવતીના કુમાર વૈરીસિંહ, તેમના પિતરાઈ સામંતસિંહ સાથે દર્શન સારૂ આવનાર છે, માટે તમે જલદી દર્શન કરી જજો. પછી તેના ભાઇ મૂળરાજની સ્ત્રી રૂપાંદે ત્યાં આવેછે. હાસ્ય વિનોદ ગરબો સરદારબા બે સાહેલીઓ સાથે ફુલ વીણવા રહેછે. ગૂજરાતનો સૂબો રહેમતખાં પોતાના એક સરદાર રસુલખાં સાથે શિકાર સારૂ ત્યાં આવી ચઢેછે. સૂબો સરદારને જોઈ અચંબામાં એકા એક સિંહ નીકળે છે. સરદારબા ચીસ પાડી બેભાન થઇ પડેછે. સૂબાની ગોળી ખાલી જાય છે. સિંહ સૂબાની છાતી ઉપર ચઢી બેસવાની તૈયારીમાં; એટલામાં એકા એક પૂલપરથી વૈરીસિંહ બ્હાર કરી સિંહને મારેછે. સૂબો બેભાન થઈ પડે છે. રસુલખાં સુબાને ઉપડાવી લઈ જાય છે સરદારબા તથા વૈરીસિંહનો દૃષ્ટિરાગ. પ્રથમ દર્શન.

પ્ર. ૨ જો—અદઘાનતના પિતરાઇ સામંતસિંહનું કાવતરૂં. વૈરીસિંહને ઉંધું સમજાવી ચંદ્રાવતી મોકલી દેવાની તદબીર જુઠ્ઠા કાગળથી પ્રધાનને વ્હેમમાં નાખવો.

પ્ર. ૩ જો—ધર્મ ઢોંગી ગુરૂ રાજ કુમાર મૂળરાજ અને તેમના સરખે સરખા દોસ્તો.

પ્ર. ૪ થો—તારા નાયકા રાજ્ય કુમારની ગમ્મત પ્રધાનનું આવવું. ગુરૂનું ફરેબ રચી ફરી જવું. પ્રધાન મૂળરાજને સૂબાને તંબૂએ મિજલસમાં લઇ જાય છે.

પ્ર. ૫ મો—સરદારબા મેળવવાની ઇચ્છા રાખતો સુબો તેનો દોસ્ત રસુલ મૂળરાજને દારૂ પાઇ જુગારમાં જીતી તેની બ્હેન સરદારબાનો મેળાપ માગી લેવાની મસલત.

પ્ર. ૬ ઠ્ઠો—સુબાને તંબુએ મિજલસ. વૈરીસિંહને સૂબાને જીવ બચાવવા માટે ઇનામ ખેમરાજને કહી મૂળરાજ તથા ગુરૂને રોકવા વૈરીસિંહ પ્રપંચથી રાજ્ય લેવા આવેલ છે એમ પ્રધાન સામંતસિંહનો કાગળ આપી ખેમરાજના મનમાં ઠસાવે છે સામંતને બોલાવી ખેમરાજ ખાતરી કરે છે; ઉશ્કેરાઇ વૈરીસિંહને શિક્ષા કરવા ખેમરાજનો ઠરાવ.

પ્ર. ૭ મો—જુગાર મૂળરાજનું હારવું. ગુરૂને લાલચ સરદારબાના મેળાપનો કોલ લઇ લેવો.

પ્ર. ૮ મો—સરદાર કુંવરીના બગીચામાં વૈરીસિંહ છુપે વેશે બનેનો મેળાપ. પ્રેમ જુદા પડતી વખતના રામરામ. એકદમ ખેમરાજ આવી વૈરીસિંહને કેદ કરે છે. કુંવરીના કોગટ કાલાવાલા વૈરીસિંહ કેદમાં.

પ્ર. ૯ મો—પ્રધાનનો પુત્ર ગોપાળ ગુરૂનો ચેલો તેની સ્ત્રી મણી કજોડાની કહાણી.

પ્ર. ૧૦ મો—મૂળરાજની સ્ત્રી રૂપાંદેનો સખી સાથે વ્હાલા સંબંધી વિચાર મૂળરાજ ઉંઘમાં સરદારબા સુબાને મેળવવાનું બકે છે. રૂપાંદેનો વિચાર મુળરાજનો ભેદ. રૂપાંદેનો તિરસ્કાર સુબાને ફસાવવાની રૂપાંદેની ગોઠવણ.

પ્ર. ૧૧ મો—સુબો તથા તેનો દોસ્ત સરદારબાને મળવાની ઈંતેજારીમાં રૂપાંદેની ચિઠ્ઠી બુરખા પ્હેરી સરદારબાના મેળાપ સારૂ ખુશાલીમાં નિકળવું.

પ્ર. ૧૨ મો—મણી અને બદધાનતનો વ્યભિચારી કુમાર મુળરાજ વ્યભિચારીને શિક્ષા.

પ્ર. ૧૩ મો—સુબા તથા તેના દોસ્તનું સપડાવું હનુમાનજીનો કોપ.

પ્ર. ૧૪ મો—કચેરી•ઈન્સાફ સુબાને તથા મુળરાજને મારી જતાં જતાં વેર લેવાનો મુળરાજ તથા સુબાનો ઠરાવ. સરદારબાની વૈરીસિંહને છુટા કરવાની માગણી. વૈરીસિંહને છુટો કરી દેશ નિકાલ જતાં જતાં અપકાર બદલે ઉપકાર કરી બતાવવાની પ્રતિજ્ઞા. નાચ.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—સરદારબા તથા રૂપાંદે હરામી સામંતસિંહનો સરદારબાને વ્હેમમાં નાંખવાનો પ્રપંચ દુષ્ટ દોસ્ત સામંત સરદારબાને પ્રેમ જાહેર કરેછે. કુંવરીનો તિરસ્કાર સામંતસિંહ ફેરવી વાળે છે. સતીના પતિ સંબંધી વિચાર.

પ્ર. ૨ જો—સુબાનો વ્હેર લેવા વિચાર. મુળરાજ સાથે મસલત.

પ્ર. ૩ જો—ખેમરાજનો વિશ્વાસુ સિપાઈ અને મુળરાજ રાત્રે રાજ્ય

મ્હેલમાં જઇ માબાપને ફસાવવાનું મુળરાજનું કાવતરૂ નિરાધાર નાના રાજ્ય બાળકોને બંધન.

પ્ર. ૪ થો—ગુરૂ અને ગોપાળીઓ; હાથ મારવાના કિસ્સાનો ઉપદેશ.

પ્ર. ૫ મો—સરદાર રૂપાંદે દાસીઓ કેસરીઆં કરે છે. મુળરાજ અને રૂપાંદેનો વિવાદ. સતીનો ધર્મ માટે પતિ ઉપર ઘા. મુળરાજ પુંઠ ફેરવી નાસે છે. રૂપાંદેનો આત્મઘાત. પ્રપંચથી મુળરાજ પોતાની બ્હેન સરદારબાને ફસાવે છે. સઘળાંને કેદ. કરી છાવણીમાં લઇ જાય છે.

પ્ર. ૬ ઠ્ઠો—સુબો મુળરાજને કેદ કરે છે; પાપીને પાપની પ્રથમ સજા.

પ્ર. ૭ મો—સરદારબાથી સુબાની મુલાકાત સતીની ચતુરાઈ; યુક્તિથી ખશી જવું. નિરાશ થયેલા સુબાનો ગુસ્સો મુળરાજ તથા રાજા રાણીને ધમકી રસુલના વચ્ચે પડવાથી સરદારબાને શોધી લાવવા મુળરાજને મોકલવો. ચાર માસની મુદત પછી ન લાવે તો સઘળાને ગરદન મારવા.

પ્ર. ૮ મો—સરદારબાની જુદાઈમાં પ્રેમ ઘેલો વૈરીસિંહ સામંત સાથે શોધમાં નીકળેલ મુળરાજ અને સિપાઇઓ.

પ્ર. ૯ મો—સરદાર જોગણ સિપાઇઓના હાથમાં સપડાવું; યુક્તિથી ખશી જવું, પાપીને પાપ ખાય છે.

પ્ર. ૧૦ મો—મુળરાજ સરદારબાનો મેળાપ મુળરાજનું સરદારબા નાક કાપે છે. વૈરીસિંહને સિદ્ધને વેશે સરદારનો મેળાપ પ્રેમનો પાઠ અને ખેમરાજને બચાવવા સિદ્ધ સાથે વૈરીસિંહની ચઢાઇ.

પ્ર ૧૧ મો—સુબો અને કેદીઓ ગરદન મારવાની તૈઆરી કુંવરને ગરદન મારવો. બચાવ સુબાનું મરણ મૂળરાજનું બાદ‑ શાહ પાસે દિલ્લી નાસવું. સિધ્ધની ઓળખાણ.

અંક ૩ જો.

પ્ર. ૧ લો—મુરાદ બાદશાહની કચેરી રહેમતખાં સુબાના મોતની ખબર મુળરાજ આપે છે. મુળરાજને લશ્કર સાથે ચઢાઇ માટે બાદશાહ મોકલે છે.

પ્ર. ૨ જો—સામંતસિંહનો ગુરૂ મારફતે સરદારબાને ફસાવવાનો વિચાર વૈરીસિંહનો વ્હેમ.

પ્ર. ૩ જો—સુખી સરદારબા ગુરૂ પ્રાયશ્ચિત વૈરીસિંહની ખાતરી અને સરદારબાને ગોળીથી મારવી. સામંતસિંહના પ્રપંચથી સરદારબાનું બચી જંઇ બેભાન થઇ પડવું. મુળરાજ લશ્કર સાથે આવ્યાની ખબર વૈરીસિંહનું ચંદ્રાવતી ચાલ્યા જવું. સામંતસિંહને મુંળરાજ કેદ કરે છે, સરદારબાને વેશ્યાને ત્યાં વેચી દેછે.

પ્ર. ૪ થો—પ્રધાનના ઘરમાં થાપ મારવા પેઠેલ ગુરૂ ગોપાળીઓ ગુરૂને ડામ, હાથનાં કર્યાં હૈયે વાગવાં દાગીનાની પેટી લઇ ગુરૂનું નાશી જવું.

પ્ર. ૫ મો—મુળરાજ; વૈરીસિંહ વ્હારે આવે છે. સામંતસિંહને બચાવે છે.

પ્ર. ૬ ઠ્ઠો—વેશ્યાને ત્યાં સતી સરદારબા ગુપ્ત વેષે વૈરીસિંહ મનમાં પરસ્પર ઓળખાણ વેશ્યા પાસેથી કુંવરીને વૈરીસિંહ વેચાતી લે છે.

પ્ર. ૭ મો—નાયક નાયકાની ઓળખાણ અને લગનના કોલ.

પ્ર. ૮ મો—ગુરૂ તથા સામંતસિંહનું પોગળ.

પ્ર. ૯ મો—કેદીઓને સજા સરદારબા તથા વૈરીસિંહનાં લગ્ન ખેમરાજ વૈરીસિંહને પાટણની ગાદી આપે છે. છેવટનો આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.

ખેમરાજ... ... ... રાણીપુરનો રાજા.

મુળરાજ... ... ... તેનો પુત્ર.

વૈરીસિંહ... ... ... ચંદ્રાવતીનો રાજ્યકુમાર.

સામંતસિંહ ... ... તેનો પિતરાઇ તથા દોસ્તદાર.

ગોપાળીઓ ... ... ખેમરાજના પ્રધાનનો પુત્ર.

રહેમતખાં ... ... ગુજરાતનો સુબો.

રસુલખાં ... ... તેનો વિશ્વાસુ સરદાર.

ગુરૂ ... ... મુળરાજનો ઢોંગી વિદ્યા ગુરૂ

સરદારબા ... ... ખેમરાજની પુત્રી.

રૂપાંદે ... ... સરદારની ભાભી, મુળરાજની સ્ત્રી.

નાણી ... ... ગોપાળીઆની સ્ત્રી.

બાદશાહ, પ્રધાન સિપાઇઓ, દાસીઓ, વારાંગનાઓ વિગેરે વિગેરે.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન સરદારબા નાટકના ગાયનો.

મંગલાચરણ.

સુત્રધાર—કર ધારજે કૃપાળ બાળ સ્તવન સુણી પાસ મણી
દાસ આશ પૂરણ મણી, શાન્તિનાથ મહાવીર
વીતરાગ મહા ભાગ્ય—ધારજે૦
ભીષ્મ ભવ ભ્રાન્ત પાન્થ શાન્ત કરણ કાન્ત મણી
જીવ ઝાઝ ડબક ડુબતું મુનિવર ! લે ઉધારી—

(પડદામાં.)

"જોની વેલી ખીલેલી પેલી બ્હેની."

નટીઓ—મધુરિ કીરતી સતીની જગ છવાઇ છે છતી
વિમળ વાસ કસ્તુરીની (૨) વચનથી નથી-મધુ૦
સ્વામી કાજ પ્રાણ આપી પામી અંતધામ
સત્ય વિજય ધ્વજ ઉડાડી કાઢી અમર નામ
તણખલાની તુલ્ય ગણ્યા અમુલ્ય જે ઇનામ
ધન્ય ધન્ય તે સતીને (૨) પદહુ પ્રણમતી—મધુ૦

૧

સરદારબા-કુંવરો—જોની વેલી ખીલેલી પેલી બ્હેની
એની સરસ સુગંધી લેવા દેની—જોની૦
કે'ની બેની ફુલડાં આશા, અને પેલા પંખી તમાશા
એતો ઋતુ રાજ તમાશા ભાઈ ભલે જોની જોની

હળી મળી ડાળીઓ કેવી, વળી વળી નીચી નમેલી
જાણું પ્રીતિ રસે ઝુકેલી અરસ પરસ માની લ્યોની
—જોની૦

૨

સરદારબા–સાહેલીઓ—ગાજે ગગન ઘરરર ગગન ઘરરર ઝબકે
વીજળીઓ ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીનાં ચિત્ત
ચરરર
ભીની બાળા હાય અરરર, સ્વામી સોડે પેસે સરરર
—ગાજે૦
હરીયાળી ભૂમિ ભલી હરીયાળા વળી વન
હરીયાળું સંજોગમાં
અરે વિરહે ઉઠે અગનરે સજની મદન પીડાક્યાં કહીયે,
બાળા રહીયેરે મનમાં મુઝાઇરે સજની—;
નદીઓ ખરરર નાસતી, સાગર સ્વામી પાસ—
મોર મયુરીને મળે–ચટપટ લાગેરે આવે સમે ભોગી
ભેટવારે
માતાજી મ્હેર જો કરે કુમારી કોડે કરગરે–મચ્યો
મદન મહાવીર
મદન મહાવીર–થઇએ [માતાજી અમે થરરર–થઇએ
થરરર અરે અરરર–ગાજે૦

૩

સાહેલી—જો ને હાં અલી ઘેલી કળી મળી ભોગી ઝુંડી ડળી જો
રસતી. રસીલી. થાતા લુટા લુટ આ. વ્હાલી. વીસરી. જો

પ્રેમની પ્યાલિને સાહેલી ઝાલીને જો જેહાં જો જેહાં જોજે
આ વ્હાલી વિસરી જા
વ્હાલાનાં વેણ, રસીલાં નેણ, ભભૂતિ નાંખશે બ્હેન
ભભૂતિ ઘેન ભુલાવે ચેન, જોગણને શી તરફેણ;
રસીલા સજોડે, મ્હાલો ભલે કોડે, બફે ન્હાને મોંઢે, મોઢું
શું મચકોડે.

સરદાર—પ્રેમ બગીચે ભમતી ભમરી, લેતી ગુલાબ કેતકી લ્હેર,
ઘડીક ગુલાબે ઘડીક કેવડે ચતુરાઈથી રસ લે ચોમેર;
તોએ ગુલાબ, એનો નવાબ
હોય બા હોય, આવ્યો ત્યારે હોય જો જેહાં—

૪

રહેમતખાં—કાલે કાલે નેનો વાલી-વાહ્ વાહ્ વાહ્
લંબે લંબે બાલો વાલી આહાહા
યા અલ્લાહ એ પ્યારી દેદે–ઉસ દીલ બરસે યારી કરદે,
હેં હુરોકી શાનો વાલી–આહાહા—
ગોરે ગોરે ગાલો વાલી–વાહ્ વાહ્ વાહ્
બાંકી ચિતવન ચાલો વાલી–આહાહા–યા અલ્લા૦

વૈરીસિંહ—

૫

વાહરે વિધાતા ધન્ય છે ધન્ય છે (૨) કેવો ઘડયો આકાર
લાવીને મૂકયો એક ઠેકાણે સર્વ રતનનો સાર–વાહરે૦
જોઇને જોઇને મોહી રહ્યો છું–વાહરે–
ચાતુર નેન તેજ પોખરાજ, આહા હોઠ લાલરે પ્રવાલ;
એક ચકીત આ હીરાકણી કે દાંત કે મોતીની માળ.
ધન્ય રે કાયા કનક માંહિ આવાં રતન જડનાર.
પૂરો ભાગ્યશાળી છે ભોગવનાર—વાહરે૦

સારંગ દારબા— ૬

શાણા ગજબ ભર્યું જાદુ આ શરીરમાં
તાકી અજબ માર્યું તીરજો—સાલબા
બાળા ડરીને પડી પાછી પ્રીત જુધ્ધમાં—શાણા૦
કકળાટ કોયલડી કરે શું ના ગમેતું આજરે
સાકર સમા પ્રિય વેણુ છે તે શુધ્ધ સંગીત સાજરે
ઝળકે છે ઝંખાએલ જો આ ચંદ્રરે આકાશમાં
હું તો રમુંછું રે રસીલા રસીક નેણ પ્રકાશમાં
વ્હાલા અજબ વસી મોહિની આ નેણમાં
વાલમ વીણા તમારાં વેણ જો—સાલબા
રસીયા આ રંગ બંધા પ્રેમના પ્રસંગના—શાણા૦

ગુરૂ— ૭

તુંહી તુંહી તુંહી તુંહી રામ નામ એક તુંહી તુંહી હે રામ
મફત મલીદા, ગોરી ગોરી ગોરી, મફતમાં લોક ગુલામ
હાથમાં માળા ને મૃગછાલા ટીલાં ટપકાં હાહાહા—તુંહી૦
ભુખીયો દુઃખીયો કોઈ નમેતો સીત્તારામ ચલ સીત્તારામ
હઠ સીત્તારામ
અમીર તવંગર આવી નમેતો સીત્તારામ જય સીત્તારામ
જી સીત્તારામ
નાજુક નાજની નમન કરે તો નારાયણ ચલ નારાયણ
હું નારાયણ
કાળી કોઈ કદરૂપી નમે તો નારાયણ ચલ નારાયણ ધુત
નારાયણ
હર ઘડી હરહર ખીસ્સાં ભરભર વા'રે ગુરૂ ગુરૂ રાજા
આહાહા—તુંહી૦—

મુળરાજ–ગુરૂ— ૮

જનમી જગમાં જેણે નવ કીધું પ્રેમ મદીરા પાન
ગોરી ગભરૂ સુંદર દીલબરના ગાને નહિં ગુલતાન
જનમ્યો તથાપિ નવ જનમ્યો, સમજી લ્યો તે હેવાન
બ્હાદુર બંકા કરતા ડંકા જે મોજી મસ્તાન–જનમી૦
ભરભર પીયાલા પીલોયો ઉડાવો રાગ રંગ
દિલ બરની સાથ બાથ ભીડી ખેલો રંગ જંગ-હાં
ગુલતાન ગાનતાનમાં ભરપુર ભાગ્યવંત
અજબ રંગ અજબ રંગ રંગ રંગ રંગ—વાહ૦—

તારા— ૯

ભલે આયે હુજુર મોરે આંગનમેં
ખેલો મોરે રંગીલે યહ ગુલશનમેં—ભલે૦—
સેજ બીછાઉં ફુલોંકી મોહન, ગજરા પેનાઊં મુજરાલ્યો સાજન
આવો બિઠાઉં નૈનનમેં—ભલે૦—

તારા— ૧૦

ઓ સુંદર સુરત વાલા કહાં દિલ દેકે ચલા
કહાં દિલ દેકે ચલા સુનો તો સહી ભલ્લા–ઓ૦
કયા ઝુલ્ફે કાલે કાલે, કયા સુંદિર છોગાવાલે
કયા ગાલ હે ગુલ્લાલે, ઓ મોહનજી, મતવાલે–ઓ૦
કયા હાથ ગુલાબી ગેંદા, કયા ફેરી ફેરી છલ્લા
કયા ગલ્લે મોહન માલા, ઓ કલગી તુરાવાલા–ઓ૦

તારા— ૧૧

હાંરે મોરી લાગી સજનસેં લગનવા
હો લગનવા, રે લગનવા–હાંરે૦

દીયો દિલદાર તોહે સારો જોબનવા,
વાહ્ વાહ્જી વાહ્ વાહ્જી વાહ્ વાહ્જી વાહ્—હાં૦
સમાલો નેનન અયે મોરે સાજન!
લાચાર મેં લાચાર મેં લાચાર હું લાલ
દિલદાર મેં દિલદાર મેં દિલદાર હું યાર—હાંરે૦—

ગુરૂ— ૧૨

ગોરે ગોરે ચ્હેરેકા મેં હું ગુલામ
તારા તું સબ્જપરી મેં હું ગુલફામ—ગોરે૦—
મોહિની કયા નેનન મેં હય અય અય અય અય અય
ઘાયલ તેને જીયરા કીનો હય હય હય હય હય
ચંદરસા તેરા ચ્હેરા, નાજો અંદાજ નખરાં
જોબનકા દાન જરો દે દે દે
ગલે લીપટ પ્યારી તન મન હે તો પરવારી
મીઠા મીઠા બોસા એક લે લે લે—ગોરે૦—

રહેમતખાં— ૧૩

લંબે લંબે બાલા પે કુરબાન જરો જાનો માલ
કાલે કાલે નેનોપે કુરબાન સલતનત કુરબાન
ગોરે ગોરે ચહેરે પર મેં વારૂ તન ધન નિસાર
ચંદ્ર બદની મરગા નયની ખુલ ખુલસેં મેં હું બેજાર
કુરબાન કુરબાન હેકુરબાન હે જાન જરો માલ—લંબે૦

વારાંગના— ૧૪

બંસી વાલા આજો રે હમારે દેસ
થારો સાંમરી સુરત પ્યારો બેસ—બંસી૦
આવન આવન કહે ગયોજી કર ગયો કોલ અનેક

ગિણતાં ગિણતાં ઘસ ગઈ મોરી આંગરીયારી રેખ
સાવરીઆ, રસીલા, સલુણા
પીયાપે જીયામેં કરૂ એ નીસાર
હમતો જોગી પ્રેમકરે, પ્રેમ હમારો દેસ
સુધનહી પાઇ પીચુકી, તબ લીનો હા ભેસ થારી-બસી૦-

રહેમતખાં— ૧૫

મિલી મિલી અબ મીલ ચુકી વો મરઘા નયની
કીની કીની વાહ્ ખૂબ કીની યા અલ્લાહ્ મ્હેરબાની
કયસા બુલંદ હય મેરા સીકંદર ચંદ્રબદની પાઉં દીલબર
લબોંકી લાલી કયાનેનાં કાલી કાલી, વા'વારે વા'વા
છોટીસી ડાલીમેં પાંઉંગા માલી, રે વા'વા'રે વા'વા
કયસા બુલંદ હય મેરા સીકંદર, ચંદ્રબદની પાઉં દીલદાર
મીલી૦—

સરદાર— ૧૬

પ્રેમનો પ્યાલો પીએ શુધ્ધસાન તેને રહે નહિં
અજબ નીશા નસે નસે અરે હાયરે! વ્યાપિ રહી-પ્રેમનો
પ્યાલો પીને મદમસ્તને અલમસ્ત કાયા આ થઇ
ડરૂ નહિ દુનીઆ થકી રસિયાની ટોપ ધરી રહી-પ્રેમ૦
ધુણી લગાવી કામની ને નાથ નિરંજન નામ સહી
પ્યાલો પીને અલખ જગાવું, રસિક રસીલા તુંહી તુંહી-પ્રેમ૦

સરદાર— ૧૭

અરે કોણ (૨) અરે કોણ તું છું ને કયાંથી આવ્યો
આ વખતે ક્યાઓર

વૈરીસિંહ—નથી ચોર (૨) નથી ચોર તથાપિ ચોર પકડવા લાગ્યો
શોર બકોર
સર—નામ પ્રકાશો કૃપા કરીને શબ્દથી કંઇ કંઇ થાય
વૈરી—ગુલાબનું ઘો નામ ગમે તે સુગંધીથી પરખાય
સર—(હું કોણ મ્હારા વ્હાલા વૈરીસિંહ)
માફ માગું છું એ મન મોહન ભુલમાં બોલી કાંક
વૈરી—મદન રાજ્યમાં પ્રેમ કેદીની સઘળી તકસીર માફ
સુંદરી (૨) સુંદરી ખોયું મેં મદન બજારે સુંદર ચિત્ત રતન
દીલદાર જુઓ મેં જાળવી રાખ્યું બહુ બહુ કરી જતન
તે મન સાથે આ મન પણ હે રમણ કરૂં અરપણ—

સરદાર—— ૧૮

જાઓ જાઓ વ્હેલા થાઓ રસીક સલુણા હવે રામરામ
જરા જુઓ જુઓ જુઓ શાણી સલુણી એક વાર આમ
રસીલી છબીલી રામ રામ—જાઓ૦—
પ્રેમ કમળ માંહિ કરતો ભમર આ ગુંજાર
હાયરે વિયોગ હાથી કરતો નિરાધાર
પ્રેમ રતન સોંપી કરૂં શિક્કો સલુણી નામ
સરદાર—જાળવશે જગત્ પિતા પણ હું છું ચોકીદાર
વૈરી—(લ્યો આ રતન ને આ શિક્કો) રામ રામ
સર—રામ રામ
વૈરી-સર—રામ રામ

૧૯

મણી—કોને કહીયે કજોડાની કહાણીરે
જેમ બળદ પીલાયે ઘાણીરે—કોને૦

લોક વગોવેને સાસુ સંતાપે
વળી પીયુડો છે પામર પ્રાણીરે—કોને૦
હુ જોબન રસ ઝુલતી, પણ જોડીની ખોડ
પીયુડો રમે લખોટાએ, કરતો દોડા દોડ
જગદીશ! હવે ગભરાણીરે, સ્હાય કરજો શ્રી સારંગ પાણીરે—

૨૦

રૂપાંદે—પ્રાણ પ્રભુ પતિ આવ્યા હજુ નથી કહે શું કરૂં
દાસી—અધીરી શું થતી ઘેલી ગઈ ગતી, ઓય શું કરૂં ?
રૂપાંદે—બટક બોલી બેશ ગમાર
દાસી—ખાલી ખીજાવામાં શું વળનાર—પ્રાણ૦
દાસી—જોબનવંતી જુવતી વેલને પ્રાણ પીયુ તરૂવર આધાર
રૂપાંદે—ભુંડામાં ભુંડી આ કામની વ્યાધી બ્હેન બનાવે છેક લાચાર
દાસી—ધીરો તોથા,
રૂપાંદે—મુક બકવા
દાસી—જો નીરખી
રૂપાંદે—કયાં છે સખી—હી૦—પ્રાણ.

૨૧

રૂપાંદે—હાય લંપટ નફટ પતિએ કરવા ધાર્યો કેર
કરવા ધાર્યો કેર, જાણેવાળે વેર—હાય૦
જુગારે હાર્યે, દારૂ નિશાએ, કેર આ થાયે
થુ થુ જુગાર, લાખો ફીટકાર, શાણા ગમાર, બને લાચાર
નિશાથી હાય ! હજાર વાર
કદી જુગારીની યારી ન કરીયે,
દારૂડીયા ની દોસ્તીને તજીએ
જામરો છેવટ ઝેર—વાળશે મ્હોટુ વેર

૨૨

રસુલખાં—ચલો ચલો સુબા સાહેબ હાં જલદીસેં ચલો
રહેમતખાં—ચલોજી ઈસ્કકે ખાતીર મિયાં સાહેબ ચલો
કયા ઇસ્ક હય અજબ ગજબ ગજબ ગજબ
અમીર યા ફકીર સબકો લગી હય ઉસકી ઝપટ
અયે પરવર દીગાર કયા ઇસ્કકા હયે માર
લીબાસ અમીરી છોડ લ્યો એ બુરખેકી મઝા—

૨૩

રૂપાંદે-સરદારબા—લેલે લુચ્ચા લબાડ જોજો હીણા કંગાલ
તારા પાપે તને સપડાવ્યો
ખાડો ખોદે પડે તેમાં તે નક્કી
વાણી કા'ણીની માની લેવી પક્કી
ધિક્કાર તને કંગાળ ચંડાળ—લેલે૦—

૨૪

નાચનારીઓ—બોલો જય જય બલિહારી શ્રી બંસી ધરની-બોલો
લીલાથી લાલા ગીરધારી, ભક્તજનો ઉધ્ધારે
ચરણો રાધા રમણ તમારા, તારણ તરણ હમારેરે—બો૦
રાખે કાયમ સદા નરવર, ગીરધર શ્રી નટવર
પ્રજાના પાલક, છો દુઃખ ટાલક
નર લાયક, સુખ દાયક, જગ નાયક,
નીતિ ન્યાયે, રીતી રાહે, પાલે જગધર શ્રી નટવર-બો૦

અંક ૨ જો.

સરદાર-રૂપાંદે-દાસીઓ ૨૫
વેળા ફરતી છાંયડી સુખ દુઃખ આવે જાય

લીલા શ્રી જગદીશનીરે મુરખ ગોથા ખાય–એતોની બ્હે મુ૦
વર્તો સમયને વિચારીરે–હાં સમય તણી બેની બલીહારી
કુંજે ખીલી કુસુમ કળી જે સાંજ પડે કરમાય
ચોઘડી ચળકી ચંદ્ર ગગનમાં ઝાંખો ઝટ થઇ જાય

૨૬

સરદાર—પ્રીતિનો પ્યાલો ખોટી પછી જે વટલાવે
બહેતર તે હરામી જગમાં મ્હોં બતલાવે—
એકવાર કલ્યા દિલદાર, પછી તે સદાના
સાકરના હીરા ગળ્યા ગળ્યા ન થવાનાં—પ્રીતિ૦
પટોળીએ ભાત પડી, પડી તે તો પડી પડી
સાચી પ્રીત સમજવી તેવી એક સુંદડી
ફાટતાં બેહાલ થતાં ભાત દીસે ખડી ખડી
પતિવ્રત પટોળીએ પ્રીત ભાત તેવી પડી
કમજાત પતિવ્રત રત્ન અરેરે ગુમાવે–બ્હે૦–

એમરાજ–રાણી –

૨૭

દગો રમી દુષ્ટ ફસાવે શું આમ
ડર પ્રભુનો ભુંડા દીલમાં નથી, મ્હોત તને મુકનાર અરે નથી
હૈયે હરિની છે હામ—દગો૦—
ભાઈ તમારૂં બગાડયું શું કહોને, ન્યાય અન્યાય તો તોળી
જુઓને

રાણી—સાચાનો સાહક વિઘ્ન વિનાયક છે જગ નાયક
રહેમત—બળીઆના બે ભાગ બધે એ ન્યાયનો સાર તમામ—

એમ—બળ દીધું છે રંક બચાવવા, ના નહિં નિરદોષીને તે મારવા
રહેમત—ચાલો કાકા રામ રામ—દગો૦—
રજપુતાણીઓ— ૨૮

સત્યનો સહાયકાર શ્રી હરિ થનાર
સત્યે પ્રાણ આપનાર છે અમર થનાર
ચાલો કરો યા હોમ, બ્હેનો ઝટ યા હોમ
સત્યનો સહાય જય જય જય જય
રાજ્ય ભક્તિ તારનાર વિશ્વનો સરકાર
ભક્તિ પુષ્પ વેરનાર છે પ્રભુનો યાર–ચાલો૦

સરદાર-રૂપાંદે— ૨૯

ના નહિં નહિં શીયળ રતન જીવ જતાં પણ ચુકાય ચુકાય
બાપ દાદાની નિર્મળ નામના રાજ કુમારીથી બોળાય (૨
રે જવાના ધનને જોબન, ને રહેવાનું શીયળ રતન
જુવતી જે કરે જતન, સતી તે શ્રૃષ્ટિમાં ધન્ય ધન્ય
નાગ તેવી શુરવીર સતીના જુગો જુગમાં પુજાય પુજાય
લોભમાંહિ લપટાઇ તજેજે શીળ તે કુલટા થુંકાય થુંકાય—ના૦

સરદાર-રૂપાંદે ૩૦

થુ થુ જારેજા ચંડાળ અરે પાપીઆ કંગાળ
અરે હીજડા હેવાન (૨) અરે હીજડા
ગુમાવ્યું નુર બાયલા, નથી નપુંસક તુતો રજપુત પુત
સિંહણ તે કદી આવા કુતરા જણે–થુથુ૦

સરદાર-કુંવરો— ૩૧

હાય આવ્યો કઠણ કાળ ક્યાંથી, હાય ભાઈ (૨)
રાજાના થયા રંક રોબાઈ હાય ભાઈ (૨)

કેવી કર્મ ગતી છે વિચીત્ર, કીધા કેદી પવિત્ર માવીત્ર—હાર૦
સુખ પાલખમાં ફરતાં હતાં, સુતા હતાં સુખ સેજમાં
કેદી નશીબે હા કર્યાં, ભુંડા ભીખારી સ્હેજમાં-હાં૦

રહેમતખાં— ૩૨
માશુક જો આશકસે નહીં માને તો આશકકી ભૂલ
જણા શીરી ઓર ઘેના પેના આપહી માને ખૂદ
દીલભરસે દીલ લગ્ગો કરણેકી વોહી તદબીર ખૂબ
હીલના મીલના મ્હોબતસે, વાહજી રંગીલે જવાન
મ્હેં બી હું ફક્કડ જવાન, ચલાવું એયસી જબાન
મીલાવું માશુક કોરન નચાવું હાથોમે—

૩૩

રહેમતખાં—આવો મારી રંગીલી દીલદાર
સરદાર—વાહ મ્હારા રસિલા સરદાર
રહેમતખાં—મ્હેબૂબ તું છું મ્હારી મ્હોરદાર
સરદાર—આશ પુરે મ્હારી શ્રી કિરતાર જગ સરદાર
રહેમત—પ્યારી જાન (૩)
પામ્યો પામ્યો પદમણી મજનું લયલી મસ્તાની
સફળ આ જીંદગાની આવોને
સરદાર—અધીરા થાઓછો શાને મન નહિ એમ માને
ઉતાવળે આંબા પાકે બેસોને—આવો૦

૩૪

રહેમત—ઢુંઢો ઢુંઢો બદકાર નાબકારકો
ઢુંઢ ફિરો તુમ સારો દુનીઆ
કરૂં એસી ખ્વારી જારી જીઅરા ખુશહો

આસમાન પાતાલ મિલા દઉ
આગ જરે તન ઝરરરરર—ઢુંઢો૦
વાકી સુરતીઆં પાઉં સખી રાજ ગવાઉં
વાકો દુલહન બનાઉં પ્રીત પ્યારીસે લગાઉં
વાકી શાનપે તન ધન, હૈ નિસાર—ઢુંઢો૦

૩૫

કુંવરો—અમે પણ બાપુજી ક્ષત્રીના તન
ધરમને કાજેજ છે આ જીવન
ક્ષત્રીવટ સાટે જો આવે મરણ
સમજીએ સ્વર્ગના સુખ શરણ
પ્રેમ—વાહ વાહ (૨) ક્ષત્રીતન
કુંવરો—જલ્દીથી જીવસે પાપી આ ઉભા જોઆ—અમે૦

૩૬

વૈરીસિંહ—અરે મળશે ક્યારે મળશે
ભોગી ભમરીને મળવાને તલસે—ભોગી૦
ભમરી લટકે જીવ આ ભટકે
ભાગ્ય શું સારું આફળશે-હો ભાગ્ય ભોગી૦
કંચન વરણી એ મનહરણી
સાકર દુધમાંહિ ભળશે-હો સાકર-ભોગી૦
રતિ રસવેલી વાવેલી પ્હેલી
જોબન ઋતુએ શું ફળશે-હો જોબન-ભોગી૦

૩૭

વૈરીસિંહ—હાય હાયરે સરદાર વિણુ સુન્યકાર સૌ હા થઇ ગયું
બેભાન જાતે થઇ ગયા, પણ ભાન પ્યારીનું રહ્યું

મંગલ અને જંગલ બધું દુશ્મન અરેરે થઇ રહ્યું
આ જીવ વ્હાલી વશ થતાં બસ બસ બધું આવી ગયું
લાગ્યો કલેજે પ્રેમ ઘા રીબાવતો તે રહી રહી
પ્યારીથી પ્યાર બાંધતાં પુરી સજા થઇ
ચતુરા ચિત્ત તમ્હારૂં જો ફર્યું છે
ફીકર નહિં ઠીક અમારો એ પ્રભુ છે—ચતુરા૦
વગર વાંકે વગર સમજે કફા છું
અમારે શું કહે સૌ બેવફા તું—ચતુરા૦

૩૮

સરદાર—એક ફક્ત તારો છે આધારરે કિરતાર મારે
ભજુ સદા સચ્ચિદાનંદ ન્હાય તે તારે કે મારે—એક૦
મરવું છે નક્કી માનવી ફોગટ પડોછો પાપમાં
સમજુ થઇ શીદ ઉતરો સંસારના સંતાપમાં
બાંધે હવામાં બાપડા પાપી બરફના માળીઆં
કાળનો ઉકળાટ થાતાં હાય વ્હેતાં ચાલીઆં
મારે તો શ્રી પ્રભુનું નામ છે સદા સાચું
પ્રભુ પ્રભુ તું ખરોને અન્ય સર્વ છે કાચું—એક૦

સરદાર— ૩૯

મૂરખ નર ખાલી ભૂલી (૨) ફોગટ ફાંફાં મારે—અરે
જેને રામ ઉગારે કહો જગતમાં કોણ તેને મારે
પાપી નર મ્હોલે મ્હાલે (૨) પણ ચાર દીવસ ચાલે—અરે
સારી નરસી કરણીનાં ફળ અહીંને અહીં પ્રભુ આલે
દુર્જન ઉંદર મન મ્હાલે (૨) ઝટ કાળ બીલ્લી ઝાલે—અરે
મનની મનમાં રહી જાય લટકતાં પામર વચગાળે
ભારત ભરૂસો જીન તારે (૨) આ અસત્ય સંસારે—અરે

ધીરીસિંહ ૪૦

કોઈ મીલાવે પ્રાણ આધાર (૨) આપું જે જે માગે આવારહો
માનું જનમો જનમ આભાર હો (૨)
વ્હેલી ઘેલી વેલી કહે અલબેલી કયાં
અહાહાહા કે'ને એ સાહેલી કયાં
ના ના ના ના અલ્યા આતો પાંદડા
અરે હાય હાય આતો ઠગાયા
રસીલી રમણી જલદી મળજો
સલુણી સુંદરી સમજો સમજો મીલાવે૦

૪૧

સરદાર—પ્હેલાં ઉચારો દીલદાર નામ એકવાર શાણા સરદાર
વૈરી—(એમ કે પ્હેલાં વ્હાલીનું નામ બોલવું પડે કે ઉંહું એતો બોલાય)
સર—(હાહા એકાન્તમાં બોલાય)
વૈરી—(હં) રસીલી રંગીલી સરદાર સરદાર જપું સરદાર
(કેમ બોલ્યો કને બરાબર)
સર—(હાંહાં બરાબર હવે મનાવો)
વૈરી—માનો માનો મનહર માનુની
સર—ચાલો ચાલો ચિત્તહર ચાલોની
વૈરી—પ્રેમનો પોકાર સાંભળે સલુણી શું
સર—પ્રેમ વેદ ભેદ જાણનાર મુની છું,
(હાંહાં લ્યો ત્યારે આ તાળી જો જો સમજશો
નહીં કે આ ખાલી તાળી એતો પ્રેમનો કોલ)

વૈરી—(ત્યારે હવે આ અમારોએ કોલ)
ભણ્યો ભણ્યો અહા પુરો પ્રેમ પાઠ
સર—(ભણ્યા)
વૈરી—(ભણ્યો)
સર—(પુરો)
વૈરી—(પુરે પુરો)
શાબાશ સિધ્ધજી ભણાવ્યો પ્રેમ પંથ—અરે વા' વા'રેવા
સર—ચાલો ચતુર આમ ચાલો પ્રેમ પંથ
વૈરી—હાં ચાલોરે હા—

૪૨

રાજા-રાણી-કુંવરો-અમે નાથ પામર પ્રાણી, વખત વદાવે આ વાણી
કરણી બહુ ભુંડી કરાણી, બધી લાજ તમારે હાથ
નામ પ્રભુનું લીધું તો નથી—
શરમાઈ આવ્યા શણું
આ બાળ રે કૃપાળ તારે ખોળે
કિરતાર અમોને ઉધાર—

અંક ૩ જો.

દરબારીઆ— **૪૩**

કરો શુક દીલસે તુમ ખુદાએ દો જહાંનકા
સરતાજ એ કૈનો મકાન ઈજ્જો સાનકા
શાદ હરેક પીરોજવાં સુલતાં રહેશાદમાં
મુરાદ દીલકી લાવે બર ખુદાએ મહેરબાં

ગાવો સબ મીલ મુબારક બાદીયાં
તુમ ગાનાં તુમ ગાનાં
સબ હિલ મિલ રંગ મચાનાં
વાહ્ વાહ્ વાહ્ વાહ્ વાહ્ વાહ્

વારાંગનાઓ— ૪૪

આઈ ગુલશનમેં બાદે બહારી, ખીલે કલીયાં ડારી ડારી
સોસન હુએ પુર ફીજાં
જાઈ જુઈ ચંપા ચંબેલી, ગુલદાવલી ગુલ અનાર,
શાદ હુએ શાદ હુએ
ગુલ ઓર બુલ બુલ સર્વઓ કુંમરી દેખ કે બાગો બહાર
હીલ મીલ બહેના માગો દોઆએ, અલ્લાહસે દીનરાત
શાહ હમેશાં રહેશાદો ખુર્રમ દીન ઈદ શબ શબ બરાદ
મહેફીલ હમેશાં શાદ, શાહકા અદુ બરબાદ
ગમ હોવે દીલસે આઝાદ,
દાયમ કાયમ યે જાહો હશમત દૌલતો હુકમત
ગાઓ મુબારક બાદ—આઈ૦

સરદાર— ૪૫

દશા કરે તે કોઈ ન કરશે, મુરખ કરે અભિમાન
પ્રાણી બિચારૂ તુચ્છ મગતરૂં કાળ કથા અણુજાણું
ઠુંપદમાં મરડાઈ મરે પણ ધાર્યું કરે ભગવાન-દશા૦
નિરધનીઆ પળમાં ધનવંતા, ધની થયા લાચાર
સદા સુખીકે સદા દુઃખી નહિ કોઈ જગમાં રહેનાર
કુંપળ હસ્તી પાન ખરતા તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે સ્હેશે આફત અપરંપાર

નામ અમર રાખે તે જુગ જુગ જનમ્યું તેજ જનાર
નાહક આકીન છોડે નીચ જન સત સ્હાયક કિરતાર–

૪૬

વૈરીસિંહ—બસ કર બસકર બસકર
સરદાર—હું તો નથી ગુન્હેગાર અરે નાથ–બસકર૦
વૈરી—નાદાન વ્યભિચારીણી, રંડા દુરાચરણી
મને ગમાર માની, ઠગાઈ ચલાવી જાણી
સર—ભગવત્ તારો આધાર
સાચાને તું સ્હાયકાર–અરે નાથ૦–બસકર

ગુરૂ-ગોપાળ— ૪૭

હાય હાયં સત્યાનાશ જજો
ક્યા મૂરખા મૂજને દીધો ડામ
શાહી લાવો કોઈ ઘી લાવો કોઈ
હાય હાય કાઢી નાખ્યું કામ
ગુરૂજી ગુરૂજી–હા ક્યા હા–ચૂપ ચૂપ૦–
ઝટ પેટી લઈ જાઓ ગુરૂજી
લાવ્ય લાવ્ય ચાલ્યો જો હું આમ
રૂએ ચોરની મા કોઠીમાં જો જો ભાઈ તે આનુનામ૦

વૈરીસિંહ— ૪૮

પ્રીતિના પંથનો ગ્રંથ ગુંથેલો, કોણ ભેદુ ભણનાર
જ્યાં જ્યાં જોઇએ ત્યાં આજ સમામાં સ્વાર્થની મારામાર
ગુલાબ ગોટા ચુંટવા ચાલ્યો માળી કોક ગમાર
કાંટાનો ગાંઠડો બાંધીને લાવ્યો, ખુડથલ તે બેસુમાર
પ્રીતિના પુષ્પની મીઠી મઝા ખુવે એમ ઘણાક ગમાર,

એક વચન બની વિશ્વાસ ઘાતી, પોતે બને હુંશીઆરે-
ખાય ખવાડે હેતથી દે તન ધનને પ્રાણ
સાચો મિત્રજ આ સમે લાખે એક સુજાણ
સંસાર વગડે સન્મિત્ર ભોમીયો, સોંપજો શ્રી કિરતાર૦—

૪૯

સરદાર—ભજી લે ભાવથી ભુંડા પ્રભુ પ્યારા
સગાંને સોબતી ત્હારાં થશે ન્યારાં-ભજીલે૦-
જગતની જાળમાં ફુલે ફસાઇને
તપાસી જોને તું—તારા કરમ કાળાં-ભજી૦
હવેલી મ્હોલને માળા ધર્યાં રહેશે
ઝપાટે જમડા જ્યાં ત્યાં સગા વ્હાલા-ભજી૦

૫૦

સરદાર—ભાવે એક ભગવત ભજીયે, ડરીયે દીલ દુરજનથી-ભાવે
અંતર જામી પામી જગ સ્વામી
જોઈ જોઈ પગ ધરીયે ડરીયે-ભાવે૦-
માગીને શું માગીયે, કાળ ખલકને ખાય
શ્રી જગદીશ્વર ચરણની સાચે ઇચ્છું રહાય—
શીદ બદનામી ફોગટ લઇએ
આજ કાલ પણ મરીયે તરીયે
કયમ ભવ જળથી-ભાવે૦

૫૧

સરદાર—જાગી ભોગી જીવડા ભગવતનું ભજન કરી લે
ભુંડા ભમે છે ભુલીને શીદ ભ્રમણામાં-જાગી૦
ધન જાય જોબન જાય, જીવતર જાય જાય જાય

સુખ સાંસામાં, ભુલે આશામાં ફસે ફાંસામાં
મારૂં મારૂં કરે તેમાં તારૂ નથી તલભાર-ભુંડા

૫૨

તારા—નહિ આવુ કા'નરે (૨) મારે ઘેર શામળીઓ મેમાન છે
સોના રૂપાનું મારૂં બેડલુંરે વ્હાલા પાણી ભરવામાં મારૂં ધ્યાન છે—
રંગ રસ પ્યાલો લાલા પીતાંરે જાજો દોસ્તીની વ્હાલા આ દુકાન છે—

૫૩

સરદાર—જાણુંછું એક ગાણું ભગવતનું ભજન
ઉડી જાશે હંસોરે કાલે-એક૦-જાણું૦
પામર પ્રાણી સુધ બુધ આણી
ભાવે ભજો ભગવાન-ઉડી-જાણું

૫૪

તારા—જો મધુરી માલતી જરી વાતમાં વઢી, લાલથી લઢી
બધા—અરે વાહ્ વાહ્ વાહ્
સર—નફટાને, શું કહીયે, દુર રહીયે,
બધા—આહાહાહા
તારા—અરે ઘેલી રે ઘેલી ભ્રમણામાં તું ભુલેલી મેલી મનની બનેલી
સર—જા જા જા
ખબ્યું આ શું, કિયાં નાસુ ગળુ ફાંસુ
તારા—હાંહા અલબેલી કાયા કંચનની વેલી

સરદાર--અરે ભગવત તું છું અબળાનો બેલી--
જુઓ સલુણી સુજાત, મુકો મરવાની વાત
લ્યો લ્યો માનો માનો માનો
સર—જા જા જા

૫૫

સર-વૈરી—ચાલો રસીલા, છુટયા છબીલા, પ્રભુની લીલા,
વાહ્‌રે વાહ્‌ વાહ૦
રસીલી બાળા, સદ્‌ગુણની શાળા, મોતીની માળા, વાહ૦
અનાયાસે મળી ગયા કેવા સજ્જન—અરે એતો ફળ્યું ભગવતનું
ભજન

સજ્જન તમારૂ હવે શરણ
મોહિની ત્હેં કીધું મનહરણ
એમ નક્કી-રસીલી૦
મગન મગન મન લગન લલના લાગી
અરપણ તન ધન રમણી મણી સુભાગી
તમારો પૂરો આભાર, પ્રેમદા પ્રભુનો પાડ-
વાહ શાબાશ—ચાલો૦

૫૬

વૈરી—હો ચાલો ધીરે ધીરે ધીરે ચાલો સુંદરી રે
નાજુક કાયા કામની, આ ગોરી મુખ કમળ કરમાયે—ચાલો૦
ગોર ગુલાબી મુખડું, હો જાણે પરશેવાને કાંટે ઘેર્યું-
શ્વાસ સુગંધી ચાલતો, હો જાણે રસીઓ રંગે વધાવે—

૫૭

સર-વૈરી—પ્રીતિનું પાન કરશું સલુણા પતિ સાથે
હજારો વાતે રહેશું સલુણીની સંગાથે
રસિક રસિલી ! પાઉં હાથે—પ્રીતિ૦
વ્હાલાની વાણી સુણી દીવાની
આ જીંદગાની સોપું સદાની
વચન મોહન ધરૂં માથે—પ્રીતિ૦
દીપ દીવાળી હું ભાગ્યશાળી
રે લટકાળી રામા રસાળી
જડીયું રતન જતાં વાટે—પ્રીતિ૦

૫૮

સર-વૈરી—ચાલો સુજાણ આજે છે રંગની રેલ
રસિલા પ્રાણ સાથે કરૂં સુખ સ્હેલ—
પ્રાણ પ્રિયા ઉપકાર તમારો
શ્રીહરિ સાચાને સ્હાય થનારો
લેશું શૃંગાર બગીચે બ્હાર પ્રાણ આધાર
નયન માર કામ કટાર હૈયાના હાર
પ્રાણ પ્રિયા અરે વાહ્ વાહ્ રે વાહ્—

૫૯

વૈરી—મોઢે મિઠું મિઠું બોલી ખાયે પુઠે ફોલી ફોલી
આવા નાદાન ચંડાળ
ભોળા જનોને ભમાવે અને સાચાને સતાવે
આવા કમજાત કંગાળ

રે કુટીલ કુજાત, તેં બોલી પેઢી સાત
તને થુ થુ થુ—મોઢે
ભરૂંસે સોંપેલું શિશ વાઢનાર વ્યઢંળ
તને છે ધિક્કાર— થુ થુ ધિક્કાર
આ ભવમાં થઈ ન્હોત સજા
પરભવમાં શું કિરતાર કરનાર—

૬૦

અથા—થયો વિજય વિજય નેકી ટેકી વિજય
વાહ વાહ–ગાઓ હળીમળી સખીઓ
છુમ છનનનન૦—થયો૦
પ્રેમી પંથ પામી કંથ, શુદ્ધ સંત ભાવથી
વિપત્તિ ખાડીને વટાવી, નેકી ટેકી નાવથી
સતીને ધન્ય, દીઠો આ દીન, મગન મન—

સમાપ્ત.